સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કપાસ), કપાસ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, કુકડા (જી. સુરેન્દ્રનગર) નાં ખરીફ – ૨૦૨૫ માં ઉત્પાદન થયેલ જુવાર ફોડર (સુકો ઘાસચારો)પોતાના ખર્ચે આપેલ ઉંચા ભાવની માંગણીથી વજન ઉપર લઈ જવાની શરતો નીચે મુજબ છે, જે શરતોનું ખરીદનારે પાલન કરવાનું રહેશે અને તે બદલની પોતાની સહી ભરવામાં આવનાર ભાવ સાથે જોડવાની રહેશે.

**-: શરતો :-**

| | |
|---|---|
| ૧. | જુવાર ફોડર (સુકો ઘાસચારો) ના ટેન્ડર ભરનાર પાર્ટીએ સ્થળ પર જોઇ ચકાસી પછી જ ટેન્ડર ભરવાના રહેશે, પાછળથી કોઇ પણ પ્રકારની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહિ. |
| ૨. | ટેન્ડર ફોર્મ જે નામે ભરવામાં આવે તે ઇસમના રહેઠાણ તથા ફોટો ધરાવતા ઓળખકાર્ડની નકલ ફરજીયાત જોડવાની રહેશે. નહી તો, ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી. |
| ૩. | ભરેલ ટેન્ડર ફોર્મ શરતો સાથે સહી કરી **તા. ૧૪/૦૧/૨૦૨૬ નાં સાંજના ૫ : ૦૦ કલાક** સુધીમાં અત્રેની કચેરીએ રજીસ્ટર એ.ડી. / પોસ્ટ / કુરીયર દ્વારા જ મોકલવાના રહેશે. ટેન્ડર ફોર્મ રૂબરૂ સ્વિકારવામાં આવશે નહી. બંધ કવર ઉપર પુરૂ નામ/સરનામું તથા મોબાઇલ નંબર અવશ્ય લખવાનો રહેશે. બંધ કવર ઉપર "જુવાર ફોડરનાં ભાવ" એવુ સ્પષ્ટ લખવું. |
| ૪. | ચેક - ચાક કરેલ ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી, ટેન્ડર ખોલ્યા બાદ જે પાર્ટીના ભાવ સૌથી વધારે આવશે તે સદર ભાવ કમીટીને મંજુર હશે તો જ માન્ય રાખવામાં આવશે. |
| ૫. | યુનીવર્સીટી દ્વારા નિયુક્ત કમિટી દ્વારા ટેન્ડર ખોલ્યા બાદ કમિટી દ્વારા ભાવ મંજુર થયે તુરંત જ ટેન્ડરમાં લખેલ મોબાઇલ નંબર પર સંપર્ક કરવામાં આવશે તેમજ ટેન્ડર મંજુર થયેલ પાર્ટીએ દિવસ-૨ માં ડીપોઝીટ પેટે રૂ. **૧૦,૦૦૦/-** નો ડી. ડી. "Associate Research Scientist, C.R.S., J.A.U., Kukada" ના નામનો અત્રેની કચેરી ખાતે જમા કરાવ્યા બાદ જ ફોડર ઉપાડવા દેવામાં આવશે. સંપૂર્ણ ફોડર ઉપડ્યા બાદ તેમજ અત્રેના ફાર્મમાં કોઈપણ જાતની નુકશાની ન થયા અંગેનું પ્રમાણપત્ર કચેરી દ્વારા આપ્યા બાદ પાર્ટીએ જમા કરાવેલ ડી. ડી. વગર વ્યાજે પરત કરવામાં આવશે. |
| ૬. | ભાવ મંજુર થયેલ ખરીદદારે ફોડર પોતાનાં ખર્ચે અને જોખમે પોતાનાં વાહનથી બધુ જ ફોડર કચેરીના કામના દિવસ-૧૦ માં ઉપાડી લેવાનું રહેશે. |
| ૭. | ફોડર ખરીદનારે તેનો માલ રજા સિવાયના દિવસોમાં ઓફીસ સમય દરમ્યાન સવારના ૮: ૦૦ થી સાંજના ૫: ૦૦ દરમ્યાન મુખ્ય દરવાજેથી લઈ જવાનો રહેશે. |
| ૮. | કોઈ પણ કુદરતી આફત કે અકસ્માતથી ખરીદનારનાં માલને કે માણસને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ભાવ મંજુર થયેલ પાર્ટીની રહેશે. |
| ૯. | ફોડર ખરીદનારે આ કચેરીના કર્મચારીની રૂબરૂમાં તેમના ખાલી તથા ભરેલા વાહનનો વજન કાંટો આ કચેરીએ માન્ય કરેલ વજન કાટે જ કરાવવાનો રહેશે. તેમજ તેનું બીલ માંગણીદારે ચૂકવવાનું રહેશે. |
| ૧૦. | ફોડર ખરીદનારે દરેક વખતે થયેલ વજનની રકમ ચેક/રોકડાથી સ્થળ પરજ ચુકવવાની રહેશે. ત્યારબાદ જ બીજું વાહન ભરવા દેવામાં આવશે. |
| ૧૧. | સદરહું માંગણી અંગે કોઈ પણ વાંધો કે, પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેનો આખરી નિર્ણય સંશોધન નિયામકશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢનો માન્ય રાખવાનો રહેશે. |
| ૧૨. | કોઇ પણ બાબતનાં વાદ – વિવાદ / તકરાર માટે કાનુની કાર્યવાહી સુરેન્દ્રનગર જ્યુરીશડીકશન રહેશે. |

**ઉપરોક્ત તમામ લાગુ પડતી શરતોનું ચુસ્તપણે પાલન નહિ કરનાર ખરીદનારની સંપૂર્ણ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે જેની નોંધ લેવી.**

સહ સંશોધન વૈજ્ઞાનિક(કપાસ)
કપાસ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ.,
કુકડા જી. સુરેન્દ્રનગર

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપરોક્ત શરતો અને બોલીઓ તેમજ ટેન્ડરને લગતી સમગ્ર વિગતો મે/અમોએ બરાબર વાંચી અને શુધ્ધબુધ્ધિથી સમજી છે અને અમોને ઉપરોક્ત બોલીઓ અને શરતો માન્ય છે, તેમાં સહમત છીએ તથા ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ અમારી વિગતો સાચી છે, તેની ખાત્રી આપી સહી કરેલ છે.

સ્થળ :-
તા.

ટેન્ડર આપનાર પાર્ટીની સહી :-
નામ :-

CamScanner

## જુવાર ફોડર (સુકો ઘાસચારો) ના ભાવ

પ્રતિ
સહ સંશોધન વૈજ્ઞાનિક (કપાસ),
કપાસ સંશોધન કેન્દ્ર,
જુ.કૃ.યુ., કુકડા
તા. મુળી, જી. સુરેન્દ્રનગર.

વિષય:- જુવાર ફોડર (સુકો ઘાસચારો) ના ભાવ આપવા બાબત....

હું, નીચે સહી કરનાર..........................................................................................આપની તારીખ-૩૧/૧૨/૨૦૨૫ ની જુવાર ફોડર (સુકો ઘાસચારો) વેચાણના બંધ કવરો મંગાવવા અંગેની જાહેર નિવિદા પ્રમાણે કપાસ સંશોધન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનીવર્સીટી, કુકડાનાં ફાર્મ પરનું જુવાર (CSV-55) (૫.૮૧ હેક્ટર) નું બધું જ ફોડર (સુકો ઘાસચારો) ઉપાડવાની શરતે ભાવ રૂ./................................. (અંકે ...............................................................................) (૨૦ કિલોનાં ભાવ) એ ખરીદવા માંગુ છું, તેમજ તેને સંબંધિત તમામ શરતો મે વાંચી છે, જે મને મંજુર છે. અમારો ભાવ મંજુર થયે જણાવશોજી.

સ્થળ:
તારીખ:

સહી: ........................................................
નામ:
ગામ:
મોબાઈલ નં.


## જુવાર ફોડર (સુકો ઘાસચારો) ના ભાવ

પ્રતિ
સહ સંશોધન વૈજ્ઞાનિક (કપાસ),
કપાસ સંશોધન કેન્દ્ર,
જુ.કૃ.યુ., કુકડા
તા. મુળી, જી. સુરેન્દ્રનગર.

વિષય:- જુવાર ફોડર (સુકો ઘાસચારો) ના ભાવ આપવા બાબત....

હું, નીચે સહી કરનાર..........................................................................................આપની તારીખ-૩૧/૧૨/૨૦૨૫ ની જુવાર ફોડર (સુકો ઘાસચારો) વેચાણના બંધ કવરો મંગાવવા અંગેની જાહેર નિવિદા પ્રમાણે કપાસ સંશોધન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનીવર્સીટી, કુકડાનાં ફાર્મ પરનું જુવાર (CSV-55) (૫.૮૧ હેક્ટર) નું બધું જ ફોડર (સુકો ઘાસચારો) ઉપાડવાની શરતે ભાવ રૂ./................................. (અંકે ...............................................................................) (૨૦ કિલોનાં ભાવ) એ ખરીદવા માંગુ છું, તેમજ તેને સંબંધિત તમામ શરતો મે વાંચી છે, જે મને મંજુર છે. અમારો ભાવ મંજુર થયે જણાવશોજી.

સ્થળ:
તારીખ:

સહી: ........................................................
નામ:
ગામ:
મોબાઈલ નં.


CamScanner

